## :- જાહેરનામું -:

**ફોજદારી કાર્યરીતી અધિનીયમ સને-૧૯૭૩(૧૯૭૪ ના નં-૨)ની કલમ-૧૪૪ અન્વયે કાઢેલ હુકમ**

**ક્રમાંક: વિશેષ શાખા/એ સેકશન/નો ડ્રોન ફ્લાય ઝોન/ ૧૨ /૨૦૨૦**

અમદાવાદ શહેરમાં સરદાર પટેલ સ્ટેડીયમ,મોટેરાના ઉદ્દઘાટન કાર્યક્રમ તથા શહેરની મુલાકાત અર્થે તા.૨૪/૦૨/૨૦૨૦ ના રોજ અમેરિકાના માનનીય રાષ્ટ્રપ્રમુખ તથા ભારતના માનનીય વડાપ્રધાનશ્રી નાઓ તથા અન્ય મહાનુભાવશ્રીઓ બહોળા પ્રમાણમાં પધારનાર હોઇ તેમજ ખુબ મોટી સંખ્યામાં જાહેર જનતા પણ એકત્ર થનાર હોય આવા સંજોગોમાં દેશ વિરોધી સંગઠનો,આતંકવાદીઓ અને ભાંગ ફોડીયા તત્વો માનવ રહિત રીમોટ સંચાલિત વિમાન જેવા સાધનો અથવા માનવ સંચાલિત નાની સાઇઝના વિમાન જેવા સંશાધનો અથવા એરો સ્પાર્ટસમાં વપરાતા ઉપકરણો (SUB-CONVENTIONAL AERIAL PLATFORM) ના ગેરલાભ લઇ મહાનુભાવશ્રીઓની અને જાહેર જનતાની સુરક્ષાને તેમજ કાયદો અને વ્યવસ્થાને હાની પહોંચાડે તેવી શકયતા નકારી શકાય તેમ નથી.

વાસ્તે હું આશિષ ભાટીયા,પોલીસ કમિશનર, અમદાવાદ શહેર, ફોજદારી કાર્યરીતી અધિનિયમ સને-૧૯૭૩ (૧૯૭૪ ના નં-૨ ની) કલમ-૧૪૪ અન્વયે મને મળેલ સત્તાની રૂએ અમદાવાદ શહેરના તમામ વિસ્તારોમાં "નો ડ્રોન ફ્લાય ઝોન" જાહેર કરૂ છુ.અને તે વિસ્તારમાં રીમોટ કંન્ટ્રોલથી ચલાવવામાં આવતા ડ્રોન (DRONE),ક્વાડ કોપ્ટર (QUADCOPTER),પાવર્ડ એરક્રાફ્ટ (POWERED AIRCRAFT) તેમજ માનવ સંચાલિત માઇક્રો લાઇટ એરક્રાફ્ટ (MICROLIGHT AIRCRAFT), હેંગ ગ્લાઇડર/પેરાગ્લાઇડર (HANG GLIDER/PARA GLIDER),પેરા મોટર (PARA MOTOR),તેમજ હોટ એર બલુન (HOT AIR BALLOONS) તથા પેરા જમ્પીંગ (PARA JUMPING) ચલાવવાની/ કરવાની મનાઇ ફરમાવું છું.

**પોલીસ વિભાગ અને સુરક્ષાબળો દ્વારા ઉપરોક્ત સંસાધનોના ઉપયોગ કરવા આ જાહેરનામામાંથી મુક્તિ આપુ છું.**

**આ હુકમ તા.૨૪/૦૨/૨૦૨૦ ના કલાક ૦૬.૦૦ થી કલાક ૨૦.૦૦ સુધી અમલમાં રહેશે.**

આ હુકમનો ભંગ કરનાર વ્યક્તિ ભારતીય ફોજદારી અધિનિયમ સને.-૧૮૬૦ ની કલમ-૧૮૮ મુજબ શિક્ષાને પાત્ર થશે.

તમામને વ્યક્તિગત રીતે નોટિસની બજવણી કરવી શક્ય ન હોય, આથી એક તરફી હુકમ કરૂ છું કે, જાહેર જનતાની જાણ સારૂ સ્થાનિક વર્તમાનપત્રો, આકાશવાણી અને દુરદર્શન કેંદ્ર મારફતે પ્રસિધ્ધિ દ્વારા તથા પોલીસ સ્ટેશનના સિનિયર પોલીસ ઇન્સ્પેક્ટરશ્રી તથા મદદનીશ પોલીસ કમિશનરશ્રી તથા નાયબ પોલીસ કમિશનરશ્રી તથા પોલીસ કમિશનરશ્રીની કચેરીના નોટિસ બોર્ડ ઉપર હુકમની નકલ ચોટાડી પ્રસિધ્ધ કરવામાં આવશે. તેમજ સહેલાઇથી જોઈ શકાય તેવી જાહેર જગ્યાઓ ઉપર હુકમની નકલ ચોટાંડી પ્રસિધ્ધ કરવામાં આવશે. ગુજરાત પોલીસ એક્ટ કલમ-૧૬૩ મુજબ પોલીસ અધિકારીઓ પણ આ હુકમની જાહેરાત કરવા અધિકૃત ગણાશે.

આ હુકમ અન્વયે અમદાવાદ કમિશ્નરેટમાં ફરજ બજાવતા ખાસ/સંયુક્ત/અધિક પોલીસ કમિશનરશ્રીના દરજ્જા થી પો.સ.ઇ. સુધીનો હોદ્દો ધરાવનાર તમામ અધિકારીશ્રીઓને આ જાહેરનામાંનો ભંગ કરનાર ઇસમો સામે આઇ.પી.સી. કલમ-૧૮૮ મુજબ ફરીયાદ માંડવા માટે અધિકૃત કરવામાં આવે છે.

આજ તા.૨૦/૦૨/૨૦૨૦ ના રોજ મારી સહી અને સિક્કો કરી આપ્યા.

( આશિષ ભાટીયા )
પોલીસ કમિશનર
અમદાવાદ શહેર

પોલીસ કમિશનર
અમદાવાદ શહેર